**Name of Work: - Dismantling of Particular Materials of Fire Safety Equipment for old CHC Building at Umreth Ta-Umreth in Dist-Anand**

નોંધ:- ઓનલાઈન ટેન્ડર ભાવ ભરીને મોકલતા પહેલા ઈજારદારશ્રીએ યોગ્યતા ધરાવતા હોય તો જ ટેન્ડર ઓફર મોકલવા ખાસ તાકીદ કરવામાં આવે છે. નીચે જણાવેલ ડોક્યુમેન્ટ/ દસ્તાવેજોમાંથી કોઈ પણ ડોક્યુમેન્ટ ઈજારદારશ્રી ધરાવતા નહી હોય કે ઓનલાઈન સ્કેન કરીને ટેન્ડર સાથે ઈજારદારશ્રીએ રજુ નહી કર્યા હોય તે ઈજારદારશ્રીનું ભાવપત્રક (ટેન્ડર) ખોલવામાં નહિ આવે.

## ખાસ શરતો

| | |
|---|---|
| ➢ | ટેન્ડર ફીનો ડીમાન્ડ ડ્રાફ્ટ રૂ. ૯૦૦/- તથા બાનાની રકમ (એફ.ડી.આર./ડિમાન્ડ ડ્રાફ્ટ રૂ. ૬૫,૪૦૦ /- ) |
| ➢ | વેલીડ બેંક સોલવંસી પ્રમાણપત્ર (અંદાજિત કિંમતના ૨૦ % રકમનુ) |
| ➢ | **GST Registration Proof** |
| ➢ | પી એફ નંબર (પ્રોવિડન્ડ ફંડ નંબર) |
| ➢ | પાન કાર્ડની વિગત |
| ➢ | ટેન્ડરનો સ્વીકૃતીપત્ર મળ્યેથી ટેન્ડર મુજબની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ અને જામીન અનામત પેટે ૧૫ ટકા મુજબની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ (**"PIU-GENERAL FUND A/C 11-114"**) ના નામનો પી.આઇ.યુ, ગાંધીનગર ખાતે જમા કરાવવાનો રહેશે. ત્યારબાદ વર્ક ઓર્ડર આપવામાં આવશે. |
| ➢ | સદરહુ કામની વિગતો તાબા હેઠળના ઇજનેર પાસેથી સમજી લેવાની રહેશે |
| ➢ | ડિસમેન્ટલીંગ કરતી વખતે જો કોઈ જાનહાની કે નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે તથા આ બાબતે સરકારશ્રી પાસે કોઈ પણ પ્રકારના વળતરનો દાવો કરી શકાશે નહી. |
| ➢ | સદર કામ માટે રાખેલ માણસો/કામદારોનો વીમો ઉતારવાનો રહેશે અને તેને પગાર ભથ્થા ચૂકવવાની જવાબદારી ઈજારદારશ્રીની રહેશે. ડિસમેન્ટલીંગની સંપૂર્ણ કામગીરી પીઆઇયુના ઇજનેરશ્રીની સૂચના મુજબનું કરવાનું રહેશે. ડિસમેન્ટલીંગ વખતે આજુબાજુની ડ્રેનેજ, વોટર સપ્લાય, ઇલેક્ટ્રીકલ કેબલ વિગેરેને કોઈપણ જાતનું નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારશ્રીની રહેશે અને તેઓએ પોતાના ખર્ચે કામગીરી કરી આપવાની રહેશે. જે સંદર્ભનું કોઈ ચુકવણું અત્રેની કચેરી દ્વારા કરવામાં આવશે નહીં. |
| ➢ | સદર કામ માટેના ડિસમેન્ટલીંગ વખતે તેની આજુબાજુના કોઈ મકાન કે સંપત્તી કે કોઈ માણસોને નુકશાન ન થાય તે માટે હવાલાના ઈજનેરના દર્શાવ્યા મુજબ યોગ્ય અંતરે બેરીકેટીંગ કરી તેના પર રીફ્લેક્ટીવ સેફ્ટી પટ્ટી લગાવવાની રહેશે. |
| ➢ | સદર ડિસમેન્ટલીંગને લીધે નીકળેલ તમામ પ્રકારના ડેબ્રીજ કેમ્પસમાં સ્ટેકિંગ કરવાનું નથી. જેનો ત્વરીત નિકાલ કરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરના શીરે રહેશે. |

| | |
|---|---|
| ➢ | સદર ડિસમેન્ટલીંગને લીધે નીકળેલ કાટમાળ ઉપરથી નીચે છુટ્ટો નહી ફેકતા વ્યવસ્થિત ઉતારવાનો રહેશે. |
| ➢ | એકત્રીત કરેલો નકામો કાટમાળ આંતરે દિવસે ઉપાડી લેવાનો રહેશે. તેમજ નકામો કાટમાળ નાખવાની જગ્યાની વ્યવસ્થા ઈજારદારશ્રીએ કરવાની રહેશે. |
| ➢ | સદર કામના ડિસમેન્ટલીંગમાં મંજુર થયેલ બોલી (ભાવ) ની રકમ પર લાગુ પડતા **G.S.T** ના દર પ્રમાણેની રકમ, એજન્સીએ પોતે અલાયદી ભરપાઈ કરવાની રહેશે તે સિવાય લાગુ પડતા કરવેરા પણ એજન્સીએ અલાયદા ભરપાઈ કરવાના રહેશે. તેમજ આ બાબતે અત્રેની કોઈ જવાબદારી રહેશે નહી. |
| ➢ | ડિસમેન્ટલીંગ પહેલા જે તે મકાનમાં જરૂરી અને પુરતા ટેકા રાખવાનાં રહેશે. |
| ➢ | **SP 62 (S&T) 1997 & IS 4130 1991** બ્યુરો ઓફ ઈન્ડીયન સ્ટાન્ડર્ડ મુજબ કામગીરી કરવાની રહેશે. સદર કામગીરી દિવસ-૬૦ માં પૂર્ણ કરવાની રહેશે. જેમાં સાઈટ ક્લિનીંગનો સમાવેશ થાય છે. વિલંબ માટે મંજુર થયેલ અંદાજીત રકમ તથા ભરેલ રકમ જેમાંથી જે વધુ હોય તે રકમની પ્રતિદિન ૫% મુજબ પેનલ્ટી કપાત થશે. ૨૦ દિવસથી વધુ વિલંબ થતા આગળની કાર્યવાહી સ્થગિત કરવામાં આવશે અને પી.આઈ.યુમાં ભરેલ તમામ રકમ જપ્ત કરી કરારમુક્ત કરવામાં આવશે. |
| ➢ | ઉપરોક્ત ખાસ શરતો માન્ય હોવાનું રૂ. ૩૦૦/- ના સ્ટેમ પેપર પર ઓનલાઇન/ ઓફલાઇન રજુ કરવાનું રહેશે. |

નાયબ કાર્યપાલક ઈજનેર
પી.આઈ.યુ, આણંદ

કાર્યપાલક ઈજનેર
પી.આઈ.યુ, આણંદ